અપીલ અરજી નં.૨૨૬ તા.૨૦–૧૦ –૧૦/૧૧

અરજદારઃ– શ્રી વિષ્ણુકુમાર બાબુભાઈ ઝવેરી
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિષ્ણુકુમાર બાબુભાઈ ઝવેરીની તા.૨૬–૮–૧૦ ની અરજીથી આશીર્વાદ ફાર્મ એરપોર્ટ સામે ડુમસના સર્વે નંબર ૬૭૯/૧ પૈકી , ૪૨૫ પૈકી અ.નં.૪૨૮ છે જેના એકત્રીકરણના તખ્તાની નકલ તથા પક્ષકારોના જવાબોની નકલ તથા અમારી સહીઓવાળા રાજેન્દ્ર બીયાનીના પાવરની નકલ મેળવવા બાબત.
**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૦–૧૦–૧૦ ની **SMC/FAP/** નં.૨૨૬/૨૦૧૦–૧૧

શ્રી વિષ્ણુકુમાર બાબુભાઈ ઝવેરીની તા.૨૬–૮–૧૦ ની અરજીથી આશીર્વાદ ફાર્મ એરપોર્ટ સામે ડુમસના સર્વે નંબર ૬૭૯/૧ પૈકી , ૪૨૫ પૈકી અ.નં.૪૨૮ છે જેના એકત્રીકરણના તખ્તાની નકલ તથા પક્ષકારોના જવાબોની નકલ તથા અમારી સહીઓવાળા રાજેન્દ્ર બીયાનીના પાવરની નકલ મેળવવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવા ઝોનના પત્ર નં.સા.વે.ઝોન/આરટીઆઈ/૭૧૩ તા.૨૯–૯–૧૦થી આપેલ માહિતી ગોળગોળ જવાબ આપેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૧૦–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા વધુમાં અપીલના મુદ્દા અંગે આપનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૮૭૦ તા.૨૯–૧૦–૧૦ થી કાર્યપાલક ઈજનેર ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં૯૫૩ તા.૨૦–૧૧–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી ટાઉન પ્લાનીંગ વિભાગ અને કાર્યપાલક ઈજનેર અઠવાઝોનને તબદીલ કર્યા અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક નં.૭૪૯ તા.૧–૯–૧૦ ના પત્રની નકલ, શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૨૬૪૨ તા.૧૪–૯–૧૦ થી કાર્યપાલક ઈજનેર અઠવાઝોનને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, નોંધ વિભાગ, જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૭૦૦ તા.૨૪–૯–૧૦ થી માહિતી અંગે નાણા ભરવા અંગે અરજદારને પાઠવેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.વે.ઝોન/ અઠવા/ આરટીઆઈ/૭૧૩તા.૨૯–૯–૧૦ના પત્રની નકલ, અરજદારની તા.૩૦–૯–૧૦ની કરેલી અરજીની નકલ, અરજદારને તા.૩૦–૯–૧૦ ની અરજીનો આપેલ પ્રત્યુત્તર અંગે પાઠવેલ પત્રનં.સા.વે.ઝોન/અઠવા/૪૫૪૮ તા.૨૬–૧૦–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૬–૮–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સુરત મહાનગરપાલિકાને સંબોધન અરજી સેન્ટ્રલઝોન ખાતે આપવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૭૪૯ તા.૧–૯–૧૦ થી કાર્યપાલક ઈજનેર અઠવાઝોન અને ટાઉન પ્લાનર ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરવામાં આવેલ. નગર નિયોજક અને મ. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ નં.૨૬૪૨ તા.૧૪–૯–૧૦ થી જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૭૦૦ તા.૨૪–૯–૧૦ થી અરજદારને માહિતી અને દસ્તાવેજ ફી પેટે ૬ પાનાના પ્રતિ પાના દીઠ રૂા.૨/– લેખે રૂા. ૧૨/– ભરપાઈ કરવા જણાવેલ છે. જેના સંદર્ભે અરજદારે રસીદ નં.૨૯૯૫૫૮ તા.૨૭–૯–૧૦ થી દસ્તાવેજ ફી પેટે રૂા. ૧૨/– ભરપાઈ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૭૧૩ તા.૨૯–૯–૧૦ થી અરજદારને પાના નંગ–૬ની નકલ પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારે માંગેલ નકલો મળી નથી અને માંગેલ નકલો માટે તા.૩૦–૯–૧૦ ની લેખિત અરજી કર્યાનું જણાવેલ છે. તેવું જણાવી તા.૨૦–૧૦–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે સદર મિલ્કતના સર્વે નંબરોના એકત્રીકરણના તખ્તાની નકલ, પક્ષકારોના જવાબની નકલ, સમાવિષ્ટ ખેડુતોના સહીવાળા રાજેન્દ્ર બિયાનીના પાવરની ખરી નકલ જે નહીં મળ્યાની અને તા.૨૯–૯–૧૦ ના પત્રથી ગોળ ગોળ જવાબ આપી મુખ્ય માહિતીની અવગણના કરવામાં આવે છે અને પુરાવા ન હોય તો પ્લાનના પ્લાનર કે આર્કીટેકટ પાસેથી મેળવી પૂરા પાડવાની રજૂઆત કરેલ છે. વધુમાં અરજદારે પાવર આપ્યા ની અને પોલીસ કાર્યવાહીનો તપાસનો દોર ચાલુ હોઈ આ સંકુલમાં કોઈ પ્લાનની મંજુરી તબદીલી કે કાર્યવાહીની મંજુરી ન આપવા જણાવવામાં આવે છે અને જો પ્લાનની મંજુરી કે વિકાસ પરવાનગી અપાઈ હોય તો રદ કરવાની રજૂઆત કરેલ છે. તેવી અપીલમાં અરજદારે રજૂઆત કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આર.નં.૪૫૪૮ તા. ૨૬–૧૦–૧૦ થી તમારી તા.૩૦–૯–૧૦ ની અરજીમાં જણાવેલ બાબતે તમોને તા.૩–૯–૧૦ થી આઈ ડી નં.૨૪૭ અન્વયે તમોને જણાવેલ માહિતી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/ આ.ન.૭૧૩ તા.૨૯–૯–૧૦ થી પાઠવવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. વધુમાં ઉપરોકત અરજીમાં જણાવેલ અન્ય બાબતોએ જણાવવાનું કે અઠવાઝોન કચેરીએ રેકર્ડ ઉપર ઉપલબ્ધ વિગતો સિવાયની પરભારે સબંધિત પાસેથી મેળવી લેવી. આ અરજીમાં જણાવેલ વાંધો રેકર્ડ પર રાખવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં અરજદારને તા.૨૧–૯–૦૯ ના રોજ લાગત ફાઈલનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરવામાં આવેલ છે જે અરજદારે નિરીક્ષણ કર્યા અંગેની નોંધની નકલ રજૂ કરેલ છે જેમાં અરજદારે આજ રોજ ફાઈલ

જોઈ છે મંજુર પ્લાનની મંજુરની કોપીની જરૂર નથી. તેમાં માંગેલ પાવર ઓફ એટર્ની કે એકત્રીકરણના તખ્તાની નકલ તે તેના માટેની જવાબો મળેલ નથી. તેવું જણાવેલ છે. તેમજ અરજદારને તેમાંના પાના ં.૧, ૨૮૯,૪૨૭,૬૨૯, ૯૪૭, ૯૬૯ જે અરજદારને પૂરી પડવામાં આવેલ છે અને અરજદારે તેની નકલો પણ પૂરી પાડેલ છે. માંગેલ માહિતી અંગે સ્પષ્ટતા કરવામાં આવેલ છે. જે અંગે તેમના તરફથી અરજીમાં માંગેલ માહિતી સુડા કચેરી તરફથી અઠવાઝોન કચેરીને મળેલ ફાઈલ ઉપર મળેલ ન હોઈ લેખિતમાં અરજી પણ સદર માહિતીને બદલે અન્ય માહિતીના કાગળ આપવા નોંધ કરેલ છે. અરજદારને આપવા જોગ માહિતી સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૭૧૩ તા.૨૯–૯–૧૦ થી મોકલી આપવામાં આવેલ છે. જે અરજદારે સ્વીકાર્યા અંગેની પહોંચની નકલ પણ રજૂ કરેલ છે. આમ જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. અરજદારની માંગેલ પુરાવા ન હોય તો પ્લાનર તથા આર્કીટેકટ કે પાવરદાર બિલ્ડર પાસેથી મેળવીને આપવાની રજૂઆત કરવામાં આવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારીની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેથી અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. વધુમાં આરટીઆઈ એકટ હેઠળની કલમ–૨(છ) મુજબ રેકર્ડ પરની માહિતી આપવાની રહે છે તે પૈકી જે રેકર્ડ પર ઉપલબ્ધ હોય તેવી માહિતી આપવાની જવાબદારી જે તે માહિતી અધિકારીની રહે છે. અરજદારની અન્ય સત્તા મંડળ કે ત્રાહિત પાસેથી માહિતી મેળવી પૂરી પાડવાનો આગ્રહ આરટીઆઈ કાયદા સાથે સુસંગત નથી. વધુમાં અરજદારની પ્લાન મંજુરી કે વિકાસ પરવાની અંગેની અન્ય કાર્યવાહીને લગતી મુળ અરજીથી અલાયદી રજૂઆત બાબત કાર્યવાહીને લગતી હોઈ સક્ષમ સત્તાને રજૂઆત કરવાની રહે છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૬–૮–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી અને હકીકતલક્ષી માહિતી પૂરી પડાયેલ જણાતી હોય અપીલ અરજી અંગે કંઈ વિશેષ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદારની મુળ અરજીથી અપીલ તબકકે કાર્યવાહીને લગતી રજૂઆત બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા અરજદાર સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી વિષ્ણુકુમાર બાબુભાઈ ઝવેરી